Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 8, Issue 3, December 2022
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# ગુજરાતી ગઝલનો આગવો સર્જનાત્મક ઉદાસીમિઝાજ : શ્યામ સાધુ

**મધુર બગડા**
મુ. માંડવી
૩૪ જશોદાનગર,
તા. માંડવી, જિ. સુરત

શ્યામ સાધુ એમની ગઝલના કારણે ગુજરાતી સાહિત્યજગતમાં કોઈની ઓળખાણના મહોતાજ નથી. એમણે જે અલગ અલગ ભાવો પોતાની ગઝલોમાં વ્યકત કર્યા છે, એમાંથી પ્રગટતો આગવો સર્જનાત્મક/કાવ્યાત્મક ઉદાસીમિઝાજની થોડી વાતો કરવી છે. શ્યામ સાધુનાં ત્રણેય ગઝલસંગ્રહમાં અલગ અલગ ગઝલસ્થભાવ સંવેદનને આલેખવામાં આવ્યાં છે. તેમાંય 'થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય' માં કવિશ્રી શ્યામ સાધુએ ઈન્દ્રધનુષી રંગોની પૂરણી કરે છે. અને એમાંય ઉદાસીના રંગને ઘેરો બનાવીને કવિ 'ઉદાસી'ની વાત કરે છે. શ્યામ સાધુની ગઝલોમાં 'ઉદાસી' સ્થાયીભાવ રૂપે જાણે કે અવાર નવાર આવે છે. ગુજરાતી ગઝલમાં શ્રીગની દહીંવાલાના શેરમાં 'ઉદાસી'નું નિરૂપણ કંઈક આ રીતે કર્યું છે.

" નવા  મારી નિરાશાને ધોઈ ના નાખો,
મે લાડ પ્યારથી પોષી છે ઉદાસીને."

(નિરાંત પૃ. ૧૨૮)

શ્યામ સાધુના આ સંગ્રહમાં આનંદની અપેક્ષાએ વિશેષ તો ઉદાસી ઊગી નીકળેલી નજરે પડે છે. અહીં શ્યામ સાધુની ગઝલોમાં વ્યથાનો–વિલાસ,ઉદાસી,જુદી જૂદી રીતે પ્રગટે છે. ઉદાસીની ભાવદશાનું અસરકારક નિરૂપણ તેમની ગઝલોમાં જોવા મળે છે.શ્વાસાચ્છવાસ ની પ્રક્રિયામાં ખામોશ મૌન સમાયેલું છે અને એ ખામોશી ઉદાસીથી ઘેરાયેલી છે. કવિનું ચિત્ત ભારે ગમગીની અનુભવે છે.

" સતત શ્વાસની આવ–જામાં અહીં તો,
ઉદાસીભર્યુ મૌન વચ્ચે જડયું છે

(થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય પૃ. ૬)

તો વળી પ્રિયજનની યાદને પરિણામે ઉદાસી પણ ઘરે આવી પહોંચી છે.

"દિવસને યાદ નડી આપણે ઘેર

ઉદાસી આવી ચડી આપણે ઘેર "

(થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય પૃ. ૧૯)

કવિ ની સંવેદનને એ પોતાનાં સમયની ખરલમાં ઘૂંટીને બરાબર ઢાળે છે તેથી તેમની અંગત વાત પણ બિન અંગત બની જતી હોય છે. ઉદાસીને એમણે કેવી કેવી અને કેટકેટલી રીતે માણી–પ્રમાણી છે એનો હિસાબ એ ગઝલનાં એક એક શેરમાં આપે છે.

સતત રહેતી ઉદાસીને આવ–જોંથી અકળાવ્યા પછી એ ઉદાસીથી જુદાં થવું હોય તોય જુદાં થવાનું મન ન થાય, પણ ઉદાસીના નાગપાશ જેવા બંધનમાંથી મુકત થવું એટલું સહેલું નથી એટલે જ તો કવિના મનમાં એક સવાલ ઊઠે છે કે :

"વસ્ત્ર ભીનાં હો, નિતારી નાખીએ,

પણ ઉદાસી કયાં ઉતારી નાખીએ."

(થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય પૃ. ૨૧)

આમ તો મોટે ભાગે ઉદાસીથી છૂટવાનું વલણાજ માણસનું હોય છે. આનંદ સાથે ઉદાસીને આવકારનારની તો કલ્પના પણ ભાગ્યે જ થઈ શકે. પણ સામાન્ય માણસ જેને તિરસ્કારે એને કવિ જ આવકારે. કવિ આ ઉદાસીને પણ સોનાની સાંકળી માનીને છાતીએ વળગાડવાની વાત કરે છે. અહીં કવિશ્રી શ્યામ સાધુ કહે છે કે વ્યકિત અને ઉદાસીનો સંબંધ દેહ અને દેહને ઢાંકવા પહેરેલા વસ્ત્ર જેવો ઉપરછલ્લો નથી. એ સંબંધ તો છે દેહ અને ત્વચા જેવો અવિનાભાવી. 'શ્વાસનું નડતર' બનીને બેઠેલી ઉદાસીનું સગપણ સુવાળું નથી, પણ બહું જ કષ્ટદાયક અને અંત સુધીનું છે.

"આ ઉદાસી રેશમી ઝભ્ભો નથી,

બહુ બહુ તો શ્વાસનું નડતર હશે."

(આત્મકથાનાં પાનાં પૃ. ૪૨)

ઉદાસીના આ અભિશાપથી ઘેરાયેલા વની આવી સ્થિતિ છે. ઉદાસીને પરિણામે આવી અકળામણ અનુભવાય છે, પરંતુ આ ઉદાસીના અવતરણનું કારણ શું ? તો કવિ કહે છે કે આપણી અપેક્ષિત વ્યકિત,વસ્તુ કે કોઈ અપેક્ષિત તત્વની પ્રાપ્તિ ન થાય ત્યારે અંતરમાં ઉદાસી ઊગી નીકળે છે. તૃપ્તિ, પૂર્ણતા માણસને આનંદિત કરી મૂકે છે. જે પણ કંઈ ધાર્યુ હોય તેવું ન થાય ત્યારે ઉદાસીને આમંત્રિયે છીએ. અહીં કવિ કહે છે કે કયારેક લાગણીની ભીંસ વધવાને કારણે મનમાં ઉદાસીને ઉછરતી દર્શાવે છે તો કયારેક વળી કોંક ને ખુશીનો મારગ પૂછવાનાં પરિણામરૂપે પણ ઉદાસીનું અવતરણ થતું પણ જોંવા મળે છે.

"બોલો ઉદાસીઓથી સભર કેમ હું હતો ?

મેં પણ ખુશીનો કોં'ક ને મારગ પૂછયો હશે ?

(આત્મકથાનાં પાનાં પૃ. ૩૩)

આ ઉપરાંત અહીં કવિ કહે છે કે યંત્ર અને વિજ્ઞાનના આ યુગમાં, આ યંત્રોના આક્રમણને પરીણામે યંત્રવત્ બની ગયેલો માણસ કેવો છે ? સાવ લાગણી વિહીન, હૃદયને સ્થાને યંત્ર મૂકેલો આ માણસ આંખોમાં

ઉષ્મા, ભીનાશ, પ્રેમ, કરૂણા, દયાને સ્થાને ઉદાસીને ચહેલા પર મુસ્કુરાહટને બદલે મૂંઝોરો છે. એવો માણસ આખરે તો નગરની નીપજ છે. આ યંત્રવત્ બનેલાં જડ નગરને 'નિસાસા' ના સમાનાર્થી તરીકે ઓળખાવી કવિ નગરનો પર્યાયી પરીચય આપે છે અને કહે છે

"ઉદાસી લઈને આંખોમાં અહીં ફરનારા ખાસ્સા છે,

મને લાગે તમારું શહેર આ ઊંડા નિસાસા છે."

તો વળી અહીં પ્રકૃતિમાં પ્રણયનું નિરૂપણ કવિએ સુંદર કલ્પના વડે કર્યું છે. દૂર સુદૂર વહેતાં ઝરણાં જે હંમેશા કલકલ નિનાદથી વાતાવરણને સભર બનાવી મૂકે છે તો કવિની દ્રષ્ટિ પથ્થરો વચ્ચે પડેલી ઝરણાંની કરપીણ ઉદાસીને પણ નિહાળે છે એ જ સર્જકદ્રષ્ટિના પરિપાક રૂપે જ સાંપડે છે કવિ પાસેથી એક યાદગાર ગઝલ સાંપડે છે.

"કયાંક ઝરણાની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,

કયાંક તારી યાદની મૌસમ રડી છે."

(થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય પૃ. ૨૮)

આમ અહીં ઉદાસી સર્વત્ર વ્યાપ્ત છે. પરંતુ ઉદાસીથી ઘેરાયેલું સર્જકમન એમ મુંજાય એવું નથી. કોઈ આશ્વાસક અથવા કોઈ પ્રિયપાત્રનું આગમન થાય તો ઉદાસી પણ આનંદમાં પરિણમે છે એવી શ્રધ્ધા પણ દર્શાવે છે પ્રિયજનનું આગમન થાય તો ઉદાસી પણ અવસર બની જાય છે અને આથી જ ઉદાસીને અવસર બનાવવા માટે પોતાના પ્રિયપાત્રને આવવાનું કહે છે.

"આવો તો આ ઉદાસીને અવસર બનાવીએ,

બાકી તો આખી જિંદગી અવસર વગર પડી"

(થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય પૃ. ૧૨)

તો વળી અહીં કવિ એ ઉદાસીને પરબીડિયાની વચ્ચે ઊગી નીકળી બતાવી છે.

"પરબીડિયાની વચ્ચે ઉદાસી ઊગી હશે,

શબ્દો તો એના એ જ છે, અર્થો જુદાં હતાં "

(થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય પૃ. ૩)

તો વળી ઉદાસી વિશે કહે છે કે ઉદાસી રણમાં વિસ્તરીને ચાંદની બની ગઈ તો વળી કયાંક ઉદાસી ગુલમ્હોરને શોધવા નીકળે છે

"રણમાં ઉદાસી વિસીરીને ચાંદની બની,

પથ્થર સમો સમય છતાંયે પીગળ્યાં તમે."

(યાયાવરી પૃ. ૭)

"ગુલમ્હોર શોધનારી ઉદાસીને શી ખબર,

હું પાનખરના નામથી થરથર્યા કરું."

(યાયાવરી પૃ. ૧૭)

આ ઉપરાંત કવિ કહે છે :

" ઉદાસીઓના અર્થ કોણ કરે?

અમસ્તા બીજા સૂર્ય કોણ કરે ?"

(યાયાવરી પૃ. ૩૦)

તો વળી કવિ કહે છે કે કયારેક લાગણીની ભીંસ વધે છે ત્યારે મનમાં ફરી પાછી ઉદાસી ઊગી નીકળે છે. તેવું દર્શાવે છે

"ફરીને લાગણીની ભીંસ વધવાની.

ઉદાસી જેવું પાછું મન ઉછેરે છે."

અહીં 'યાયાવરી', થોડાં બીજોં ઈન્દ્રધનુષ્ય' અને 'આત્મકથાનાં પાનાં' માં કવિએ ઉદાસીના રંગને બખૂબી રીતે પૂરણી કરી છે.

આવા શ્યામ સાધુ જયારે 'ઉદાસી'ને સર્જનનો વિષય બનાવે છે ત્યારે કેવા કાવ્યાત્મક પરિણામો પ્રાપ્ત થાય એનો અનુભવ આપણને ઉપરોકત ચર્ચા થાય છે. અસ્તુ.